ગુજરાતના લોક નૃત્યો :

| | | |
|---|---|---|
| 1. | સૌરાષ્ટ્રનું ટિપ્પણી નૃત્ય | ચોરવાડની કોળી બહેનોનું શ્રમહારી નૃત્ય, તેમજ ખારવણ બહેનોનું નૃત્ય. |
| 2. | જાગ નૃત્ય | જ્વારાને બાજોઠ પર રાખી માથે મૂકીને જનોઈ, શ્રીમંત કે નવરાત્રિ પ્રસંગે કરવામાં આવતું નૃત્ય. |
| 3. | દાંડિયા રાસ | સૌરાષ્ટ્રના પુરુષો અને ખાસ કરીને મેર પુરુષોનું નૃત્ય. |
| 4. | ગોફ ગુંથન રાસ | સૌરાષ્ટ્રના કોળી અને કણબીઓનું નૃત્ય જેમાં નૃત્ય સાથે રંગીન દોરીની મનોહર ગૂંથણી ભરાય છે અને ઉકેલાય છે. |
| 5. | રાસડા | ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં સૌરાષ્ટ્રના પુરુષો દ્વારા કરાતું નૃત્ય. |
| 6. | તલવાર રાસ | સૌરાષ્ટ્રની શૂરવીર કોમો હાથમાં તલવાર અને ઢાલ લઈને જે નૃત્ય કરે તે |
| 7. | ગરબો | નવરાત્રિ દરમિયાન માતાજીની ઉપાસના માટે સ્ત્રીઓ દ્વારા થતું નૃત્યગાન, સંઘ નૃત્ય, કોઈકવાર પુરુષો જોડાય છે. |
| 8. | ગરબી | ગરબી માટે ભાગે પુરુષો દ્વારા થતું સંઘ નૃત્ય છે. |
| 9. | પઢારોનું મંજીરા નૃત્ય | ભાલ-નળકાંઠાના પઢારો દ્વારા મંજીરાનો સુભગ તાલમેળ સાથે કરાતું સંઘનૃત્ય. |
| 10. | હીંચ નૃત્ય | ભાલ પ્રદેશ અને કાઠિયાવાડમાં ગાગર હીંચ નૃત્ય પ્રચલિત છે. લગ્ન પ્રસંગે ઢોલને તાલે હીંચ નૃત્ય થાય છે. હાથમાં થાળી કે ઘડો લઈને પણ હીંચ નૃત્ય કરવામાં આવે છે. |
| 11. | ભરવાડોના ડોકા અને હુડા રાસ | સૌરાષ્ટ્રના ભરવાડો હાથમાં પરોણા કે પરોણીઓ લઈને ડોક રાસ કરે જ્યારે હુડા રાસમાં ભરવાડ અને ભરવાડણો ઢોલના તાલે સામસામા હાથના તાલ અને પગના ઠેકા વડે સંઘ્ નૃત્ય કરે છે. |
| 12. | ઠાગા નૃત્ય | ઉત્તર ગુજરાતના ઠાકોરોનું ખાસ કરીને હોળીના તહેવાર નિમિત્તે હાથમાં ધોકા અને તલવારો લઈને કરવામાં આવતું નૃત્ય. |
| 13. | વણઝારાનું હોળી નૃત્ય | ગુજરાતમાં વસતા મારવાડીઓ હોળી વખતે પુરુષ ખભે મોટું મૃદંગ મૂકીને વગાડે છે અને સ્ત્રીઓ હાથમાં રૂમાલ લઈને નૃત્ય કરે છે. |
| 14. | ઢોલો રાણો | ગોહિલવાડ પંથકના કોળીઓ પાક ખળામાં આવે ત્યારે આ નૃત્ય કરે છે. |
| 15. | મરચી નૃત્ય | લગ્ન પ્રસંગે તુરી સમાજની બહેનો તાળી પાડ્યા વગર, હાથની અંગે ચેષ્ટાઓ દ્વારા નૃત્ય કરે છે. |
| 16. | સીદીઓનું ધમાલ નૃત્ય | મૂળ આફ્રિકાની પણ ગુજરાતમાં સ્થાયી થયેલ મુસ્લિમ સીદી લોકો આ નૃત્ય કરે છે મુશીરા (મોટો ઢોલ), ધમાલ (નાની ઢોલકી) અને સ્ત્રીઓનાં વાજિંત્રો 'માયમી સરાં' સાથે આ નૃત્ય કરવામાં આવે છે. |
| 17. | વણઝારાનું બેડાં નૃત્ય | વણઝારી બહેનો માથે સાત-સાત બેડાં લઈને નૃત્ય કરે છે. |
| 18. | મેરાયો નૃત્ય | બનાસકાંઠાના ઠાકોરોનું લોકનૃત્ય છે. |
| 19. | રૂમાલ નૃત્ય | મહેસાણા જિલ્લાના ઠાકોર હોળી તથા મેળાના પ્રસંગે હાથમાં રૂમાલ લઈને નૃત્ય કરે છે. |
| 20. | હાલી નૃત્ય | સુરત જિલ્લાના દુબળા આદિવાસીઓનું લોકનૃત્ય છે. |
| 21. | ઘેરિયા નૃત્ય | દક્ષિણ ગુજરાતના દુબળા આદિવાસીઓનું લોકનૃત્ય છે. |
| 22. | પંચમહાલના ભીલોનું યુદ્ધ નૃત્ય | પંચમહાલના ભીલ જાતિના આદિવાસીઓ તીરકાંમઠાં, ભાલા વગેરે હથિયારો સાથે રાખી ચિચિયારી પાડીને નૃત્ય કરે છે. |
| 23. | આલેણી-હાલેણી નૃત્ય | વડોદરા જિલ્લાના તડવી જાતિની આદિવાસી કન્યાઓનું ઋતુ નૃત્ય છે. |
| 24. | ડાંગ જિલ્લાના આદિવાસીઓનું 'ચાળો'નૃત્ય | ડાંગ જિલ્લાના આદિવાસીઓનું ડાંગી નૃત્ય 'ચાળો' તરીકે ઓળખાય છે. |
| 25. | શિકાર નૃત્ય | ધરમપુર વિસ્તારના આદિવાસીઓ તીરકામઠું અને ભાલા લઈને શિકારે જતા હોય તેમ દેકારા-પડકારા કરીને શિકાર-નૃત્ય કરે છે. |
| 26. | આદિવાસીઓનું તલવાર નૃત્ય | દાહોદ વિસ્તારના આદિવાસી પુરુષો માથે ધોળો ફેંટો બાંધી, શરીરે કાળા કબજા પહેરી, બુકાની બાંધી તલવાર લઈને નૃત્ય કરે છે. |
| 27. | માંડવા નૃત્ય | વડોદરા જિલ્લાના તડવી આદિવાસીઓનું લોકનૃત્ય છે. |
| 28. | હળપતિઓનું તૂર-નૃત્ય | દક્ષિણ ગુજરાતના હળપિત આદિવાસીઓ લગ્ન કે હોળીના ઉત્સવ પ્રસંગે સાથે લાકડીના દંડીકા વડે કાંસાની થાળી વગાડીને નૃત્ય કરે છે. |
| 29. | ડુંગરદેવ નૃત્ય | ડાંગના આદિવાસીઓનું લોકનૃત્ય છે. |
| 30. | ચારખી નૃત્ય | પોરબંદર મેર જાતિના લોકોનું નૃત્ય છે. |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

ગુજરાતના મેળાઓ :

| | | |
|---|---|---|
| 1. | રવેચીનો મેળો. | રાપર (કચ્છ) |
| 2. | રણોત્સવ, | કચ્છના રણપ્રદેશમાં, મોટે ભાગે ડિસેમ્બરમાં. |
| 3. | જન્માષ્ટમીનો મેળો | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કૃષ્ણજન્મોત્સવ પ્રસંગે મેળો ભરાય છે. |
| 4. | માધવરાયનો મેળો | માધવપુર (જિ. પોરબંદર) ચૈત્ર મહિનામાં ભરાય છે. |
| 5. | ભવનાથનો મેળો-ગિરનાર | જૂનાગઢ જિલ્લામાં શિવરાત્રિના દિવસે મહાવદ તેરસ,સાધુ સંતો અને નાગાબાવાઓનું વિશેષ આકર્ષણ. |
| 6. | ઝુંડનો મેળો | ચોરવાડ (જિ. જૂનાગઢ). |
| 7. | સોમનાથ મેળો | (ગિર સોમનાથ), કાર્તિકી પૂર્ણિમાનો મોટો મેળો ભરાય છે. |
| 8. | ગોપનાથ મહાદેવનો મેળો | ગોપનાથ (જિ. ભાવનગર),શ્રાવણ મહિનાની અમાસે ભરાય છે. |
| 9. | તરણેતરનો મેળો | સુરેન્દ્રનગર જિલ્લામાં ભાદરવા સુદ 4-5-6- ના રોજ ત્રિનેત્રિશ્વર મહાદેવનું મંદિર, સુદર ભરત ભરેલી છત્રીઓ સાથે યોવકો ધૂમતા હોય છે. દાંડિયા-રાસ અને ભજન કાર્તનનું આગવું આકર્ષણ. |
| 10. | દૂધરેજ | સુરેન્દ્રનગર જિલ્લામાં નો અષાઢી બીજનો મેળો. |
| 11. | અંબાજીનો ભાદરવી પૂનમનો મેળો | બનાસકાંઠા જિલ્લામાં દર પૂનમે મેળો ભરાય છે, પરંતુ ભાદરવી પૂનમનું વિશેષ મહત્વ હોય છે. |
| 12. | ચિત્રવિચિત્રનો મેળો | સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના ગુણભાખરી ગામમાં ભરાતો આદિવાસી મેળો. |
| 13. | શામળાજીનો મેળો | અરવલ્લી જિલ્લામાં દર પૂનમે ભરાય છે, પણ કાર્તિકી પૂર્ણિમાના મેળાનું વિશેષ મહત્વ હોય છે, આદિવાસીઓ મોટી સંખ્યામાં ઊમટી પડે છે. |
| 14. | સિદ્ધપુરનો કાર્તિકી પૂર્ણિમાનો મેળો | પાટણ જિલ્લામાં સરસ્વતી નદીના પટમાં ભરાય છે. ઊંટની લેવેચ માટે પાયે થાય છે. |
| 15. | વરાણાનો લોકમેળો | (જિ. પાટણ), ખોડિયાર મંદિરે, મહાસુદ આઠમના દિવસે. |
| 16. | બહુચરાજીનો ચૈત્રી પૂનમનો મેળો | મહેસાણા જિલ્લામાં દર પૂનમે મેળો ભરાય છે, પરંતુ ચૈત્રી પૂનમનું વિશેષ મહત્વ હોય છે. |
| 17. | શંખલપુર | (જિ. મહેસાણા) ચૈત્રી પૂનમ અને અષાઢી બીજના દિવસે મેળો ભરાય છે. |
| 18. | પાલોદર | (જિ. મહેસાણા) નો મેળો, ચોસઠ જોગણી માતાના મંદિરે, ફાગણ વદ અગિયારસથી તેરસ સુધી ભરાત છે પાક અને વરસાદના વરતરાની આગાહી કરવામાં આવે છે. |
| 19. | ઉત્તરાર્ધ શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ, | મોઢેરા (જિ. મહેસાણ ),જાન્યુઆરી મહિનામાં. |
| 20. | તાના રીરી | સંગીત મહોત્સવ, વડનગર( જિ. મહેસાણા). |
| 21. | પલ્લીનો મેળો –રૂપાલ (ગાંધીનગર) | આસો સુદ નોમના દિવસે વરદાયિની માતાની પલ્લી નીકળે છે. |
| 22. | વસંતોત્સવ, | સંસ્કૃતિ કુંજ, ગાંધીનગર, ફેબ્રુઆરે મહિનામાં. |
| 23. | વૌઠાનો મેળો (જિ. અમદાવાદ) | કારતકી પૂનમના દિવસે, ગુજરાતનો સૌથી મોટો લોકમેળો, સાત નદીઓનો સંગમ, ગધેડાંની માટે પાયે લેવેચ થાય છે. |
| 24. | આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ, | અમદાવાદ, જાન્યુઆરી મહિનામાં. |
| 25. | ફાગવેલ | (જિ. ખેડા), ભાથીજી મંદિરે, કારતક સુદ-એકમના રોજ મોટો મેળો ભરાય છે. |
| 26. | ઉત્કંઠેશ્વર | (જિ. ખેડા) ઉત્કંઠેશ્વર મહાદેવના મંદિરે, તેમજ વાત્રક નદીના પટમાં શિવરાત્રિએ મેળો ભરાય છે. |
| 27. | ડાકોરનો મેળો(જિ. ખેડા) | દર પૂનમે ભરાય છે, પણ ફાગણ પૂર્ણિમા હોળી અને માણેકઠારી પૂનમના મેળાનું વિશેષ મહત્વ હોય છે. |
| 28. | ચૈત્રી સુદ આઠમનો પાવાગઢનો મેળો | પાવાગઢ (જિ. પંચમહાલ) |
| 29. | ગોળ ગધેડાનો મેળો, | જેસવાડા (જિ. દાહોદ) |
| 30. | આમલી અગિયારસનો મેળો | (જિ. દાહોદ) |
| 31. | ભરૂચનો મેઘમેળો-ભરૂચ | શ્રાવણ વદ નોમના મેઘરાજાની છડી ઝુલાવવાનો ઉત્સવ. |
| 32. | શુકલતીર્થનો | કાર્તિકી પૂર્ણિમાનો મેળો- શુકલતીર્થ (જિ. ભરૂચ) |
| 33. | ભાડભૂતનો મેળો, | ભાડભૂતેશ્વર મંદિર, ભરૂચ. |
| 34. | રિખવદેવનો જૈન મેળો | ( જિ. ભરૂચ) |
| 35. | ડાંગ દરબાર, | આહવા (જિ. ડાંગ). આદિવાસી નૃત્ય મહોત્સવ, માર્ચ મહિનામાં. |
| 36. | સમર ફેસ્ટિવલ, મોન્સુન ફેસ્ટિવલ, | સાપુતારા ઉનાળામાં, ચોમાસામાં |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872